# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી સતત વરસતા વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય જવાની પરિસ્થિતિ  ધ્યાને લઈ આજ રોજ માન.મ્યુ.કમિશનર શ્રી બંછાનિધિ પાની IAS ના અધ્યક્ષ સ્થાને આજરોજ સાંજે ૦૪:૦૦ કલાકે વેસુ સુડા ભવન ખાતે પ્રેસ બ્રિફિંગ રાખવામાં આવેલ જેમાં નીચાણવાળા વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાના આરોગ્ય અને ફાયર વિભાગની ટીમ ધ્વારા લોકોને સલામત સ્થળે શીફટીંગ કરવાની કામગીરી તા.૧૪/૦૮/૨૦૨૦ થી ૧૬/૦૮/૨૦૨૦ દરમ્યાન લિંબાયત ઝોન ખાતે નીચાણવાળા વિસ્તારોમાં પર્વત પાટીયા, સણીયા હેમદ, ચોર્યાસી ડેરી, ગાયત્રી નગર, પોલારીસ માર્કેટ, ગણેશ નગર–હરીઓમ ઈન્ડસ્ટ્રીસ સારોલી, પાદર ફળિયુ કુંભારીયા, નંદનવન સોસા. વિધાતા ટાઉનશીપ પરવટ પાટિયા, અંબે હાઉસ, મોર્ડન ટાઉનશીપ, વૃંદાવન રો–હાઉસ, ગીતાનગર શાંતિકુંજ સુમન સંગીની, કમરૂનગર, મીઠીખાડી, વિસ્તારમાં ખાડીના ઉપરવાસમાં થયેલ વરસાદને કારણે પાણીનો ભરાવો થયેલ હતો. લગભગ **૧૦૦૫** લોકોને શીફટ કરવામાં આવ્યા હતા અને લિંબાયત ઝોન ધ્વારા અસરગ્રસ્ત લોકોને **૧૦,૦૦૦** સુકા નાસ્તાના પેકેટ અને ૨૪૫ પાણીની બોટલ મળી કુલ **૧૯૬૫૦** ફુડપેકેટ અને વરાછા ઝોન–એ ધ્વારા અસરગ્રસ્તોને કુલ–**૪૦૦** ફુડપેકેટ તેમજ વરાછા–બી ઝોન ધ્વારા અસરગ્રસ્તોને **૭૦૦** ફુડપેકેટ અને પાણી પૂરા પાડવામાં આવ્યા હતા.

શહેરમાં અસરગ્રસ્ત વિસ્તારના લોકોની આરોગ્યલક્ષી તપાસ હાથ ધરવામાં આવેલ  જેમાં પરવટ ગામ–૦૩ અને મીઠીખાડી વિસ્તારમાં–૦૧ મેડીકલ ટીમ સાથે ધનવંત્રી આરોગ્ય રથ મુકવામાં આવેલ આ મેડીકલ ટીમ ધ્વારા આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૧૦૯ લોકોના આરોગ્યલક્ષી સર્વ કરેલ. વધુમાં ૮૫૫ લોકોને આરોગ્યલક્ષી ઉકાળો વિતરણ કરવામાં આવેલ.વરસાદી પાણીથી રોગચાળો ન ફેલાય તે માટે મીઠીખાડી અને રૂષીવિહાર સોસાયટી વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાના ૩૦ સફાઈ કામદારો ધ્વારા સફાઈની કામગીરી તેમજ દવાનો છંટકાવ કરવામાં આવેલ.

ફાયર અને ઈમરજન્સી  વિભાગ ધ્વારા તા.૧૪/૦૮/૨૦૨૦ થી  આજ દિન સુધી ૨૫ રેસ્કયુ બોટ અને ફાયર વિભાગના **૧૬૦** ફાયર સ્ટાફ તથા **૨૦** ફાયર અધિકારીઓ ધ્વારા બચાવ અને રાહતની કામગીરી કરવામાં આવી હતી તથા ખાડી પૂર આવેલ વિવિધ વિસ્તારોમાં **૧૦** પાણીના  ટેંકરો

ધ્વારા સ્થાનિક લોકોને પીવાલાયક પાણીની સુવિધા પૂરી પાડવામાં આવેલ તથા અસરગ્રસ્ત સ્થાનિક વિસ્તારોના લોકોને પરિવહન માટે બે બસ ધ્વારા વિનામૂલ્યે સેવા પૂરી પાડવામાં આવેલ.

વધુમાં સુરત શહેરમાં પ્રસરેલ કોરોના વાઈરસના સંક્રમણને નિયંત્રિત કરવા હાલમાં **૩૧૯૦** જેટલા  બેડ, વેન્ટીલેટર, ઈન્જેકશન અને જરૂરીયાત મુજબની મેડીસીન પુરતા પ્રમાણમા ઉપલબ્ધ છે. હાલમાં આખા ભારત વર્ષમાં સુરતમાં પ્લાઝમાં થેરાપી એક મોડલરૂપ સાબીત થયું છે. લોકો સ્વયંભુ પ્લાઝમાં ડોનેશન કરવા આગળ આવી રહ્યા છે.મુત્યદર ઘટાડવા માટે પ્લસ ઓકસીમીટરે બ્રહ્માસ્ત્ર જેવું કામ કરયું છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા **૭૫૨** લોકોને પ્લસ ઓકસીમીટર આપવામાં આવેલ છે.છેલ્લા ચાર મહિનાથી પ્રાઈવેટ ડોકટર, ફિઝીશીયન તથા શહેરીજનો તરફથી આપણને સારી મદદ મળી રહી છે. સુરત મહાનગરપાલિકા લોકો સાથે ખભે ખભો મિલાવી કામગીરી કરી રહેલ છે. હાલમાં ARI કેસોમાં ઘટાડો જોવા મળેલ છે. તેમજ પોઝિટિવ રીકવરી રેટ **૭૨%** હતો તે હાલ વધીને **૭૭%** થયો છે. સુરત મહાનગરપાલિકાની ટીમ તથા મીડીયા મિત્રોનો અને શહેરીજનોનો ખૂબજ સારો સહકાર આજદિન સુધી મળ્યો છે અને શહેરીજનો ધ્વારા સુરત મહાનગરપાલિકાએ બહાર પાડેલ SOPનું  ચૂસ્તપણે પાલન કરવામાં આવશે તો જ કોરોનાના સંક્રમણને આપણે હરાવી  શકીશું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૫૧૦
તા.૧૬/૦૮/૨૦૨૦